# Gokul

NATURE CURE CENTRE

# ગોકુલ નેચર ક્યોર સેન્ટર

Gomta, Ta.-Gondal, Dist. Rajkot - 360320 : 70961 77767, 72010 77767

: www.gokulnaturecure.org gokulnaturecuregomta@gmail.com



## The Healing Science of Nature Cure

ગોકુલ નેચર ક્યોર સેન્ટર ગોમટામાં આપનું સ્વાગત છે. રાજકોટ જીલ્લાનાં કાઠીયાવાડના રજવાડી શહેર ગોંડલથી લગભગ ૧૦ કિ.મી. દક્ષિણમાં, કુણી લીલોતરીથી ભરપુર ૨૦ એકર જમીનમાં આ કુદરતી ઉપચાર કેન્દ્ર ૪૫૦૦ સ્કવેર મીટરનું પરિસર ધરાવે છે. ઔષધબાગ, ગૌશાળા અને ફળ-શાકભાજીની ખેતી માટે અન્ય જમીનનો ઉપયોગ થાય છે. લીલા મેદાન, પહાડો અને નદીના શાંત તથા નિર્મળ કુદરતી વાતાવરણથી કેન્દ્ર ઘેરાયેલુ છે. સવારનું સ્વચ્છ શાંત વાતાવરણ પક્ષિઓ ના કલરવથી ગુંજી ઉઠે અને દૈનિક કાર્યક્રમ શરૂ થાય છે. કેન્દ્ર શુદ્ધ શાંત વાતાવરણ અને સતત પ્રયત્નશીલ કાર્યકરો આપનું રહેઠાણ વધુ સુઃખદ અને સાર્થક બનાવે છે.

- જન સામાન્ય ને સ્વસ્થ જીવનશૈલી તથા રોગ મુક્ત જીવન જીવવા માટે કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા માર્ગદર્શન તથા મદદ પુરી પાડવામાં આવે છે.
- કુદરતી ઉપચાર કેન્દ્રનો મુખ્ય હેતુ સમાજમાં સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી માટે શિક્ષણ અને જાગરૂકતા લાવવાનો છે. લોકોને સ્થાસ્થ્ય ને લગતી તકલીફોમાં સામાન્ય ઉપચારો તથા પંચમહાભુત પૃથ્વી, જળ, અગ્ની, વાયુ અને આકાશની મદદથી રાહત મેળવતા શીખવવું.



- કેન્દ્રમાં સ્વાસ્થ્ય સાધકને કુદરતના નિયમો મુજબ રહેવાનો અનુભવ કરાવી, વ્યક્તિની જીવની શક્તિ સુધારી શરીરને વિજાતિય દ્રવ્યો બહાર કાઢવામાં મદદરૂપ થવાનો પુરો પ્રયત્ન કરવામાં આવે છે.


ઓફીસ


ડાયનીંગ અને યોગ


ડિલક્ષ


જનરલ અને સ્પેશ્યલ

## ઉપલબ્ધ સુવિધાઓ :

- ૩૬ સ્વાસ્થ્યાર્થીઓને રહેવાની સુવિધા - ડિલક્ષ, સ્પેશ્યલ અને જનરલ કેટેગરી.
- સાધન સજ્જ સ્વચ્છ ઉપચાર વિભાગ - ભાઈઓ અને બહેનો ના અલગ.
- સ્વાસ્થ્યપ્રદ રસોડુ અને નિર્મળ ભોજનાલય.
- શાંતીપુર્ણ વિશાળ યોગખંડ - જીમ અને ફિઝીયોથેરેપી વિભાગ.
- સજીવ ખેતી ઔષધબાગ - પુસ્તકાલય તથા હેલ્થ સ્ટોર.
- અનુભવી ચિકિત્સકો અને કાર્યદક્ષ ચિકિત્સા સહાયકો.
- ઓ.પી.ડી. સારવાર - કન્સલ્ટેશન, યોગ, ઉપચાર તથા ફિઝીયોથેરેપી વિભાગ.

## રહેઠાણ વિભાગ :

કેન્દ્રમાં એકસાથે ૩૬ સ્થાસ્થ્ય સાધકોને રહેવાની સગવડ છે. રહેઠાણ વ્યવસ્થામાં મુખ્યત્વે ૬ ડિલક્ષ રૂમ, ૪ સ્પેશ્યલ રૂમ તથા ભાઈઓ અને બહેનોના જનરલ વોર્ડ છે. દરેક ડિલક્ષ રૂમ તથા સ્પેશ્યલ રૂમમાં ૨ વ્યક્તિઓને રહેવાની સગવડ છે.

અહી ભાઈઓ-બહેનો માટે જનરલ વોર્ડ ના ૪ રૂમ છે. જેમાં એક રૂમમાં ચાર વ્યક્તિને રહેવાની સુવિધા છે.

**શ્રી વલ્લભકુળ તથા શ્રી ઠાકોરજીની સેવા કરતા વૈષ્ણવ સાધકો માટે સેવાની સુવિધા તથા રસોડા સાથે રહેઠાણની વિશેષ સુવિધા ઉપલબ્ધ છે.**


ભોજનાલય


યોગ ખંડ


કસરત ખંડ


ઉપચાર વિભાગ


આહાર


ઔષધ


યોગ


શીરોધારા

## કુદરતી આહાર :

પોષક દ્રવ્યોથી ભરપુર ફળ, શાકભાજી તથા અન્ય રસોડાના ઔષધોનું અમુક વિશેષ માત્રામાં અનુપાન કરવાથી દવા જેવી અસર કરી શરીરમાંથી વિજાતિય દ્રવ્યોને બહાર કાઢવામાં મદદરૂપ થાય છે. આ કુદરતી તત્વો શરીરની ચયાપચયની ક્રિયાને સંતુલીત કરી દવા વગર સહજ સ્થાસ્થ્ય પ્રાપ્તી કરાવે છે.

## સારવાર :

કુદરતી ઉપચાર દ્વારા શારીરીક, માનસિક તથા આધ્યાત્મિક શુદ્ધિ કરવામાં આવે છે. જે માટે વિવિધ કુદરતી ઉપચારો જેવા કે જળ ચિકિત્સા, માટી ચિકિત્સા, માલીશ ચિકિત્સા, વાનસ્પતીક ઔષધ ચિકિત્સા, યોગ, પ્રાર્થના, કાઉન્સેલીંગ, એક્યુપ્રેસર, એક્યુપંક્ચર, રંગ ચિકિત્સા, સુગંધ ચિકિત્સા, સંગીત ચિકિત્સા, સુજોક ચિકિત્સા વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક સારવાર કાર્યદક્ષ ઉપચારકો દ્વારા, અનુભવી નેચરોપેથના માર્ગદર્શન હેઠળ આપવામાં આવે છે.

કેન્દ્રના અનુભવી અને નિષ્ણાત નેચરોપેથ આપની તકલીફોને ધ્યાનમાં રાખીને સંપુર્ણ સારવાર તથા


માલીસ


નગોડશેક


વરાળ સ્નાન


માટી લેપ

## તકલીફ :

ડાયાબિટીસ, હાઇબ્લડપ્રેશર, ગઠીયો વા, સંધિવા, આર્થરાયટીસ, કમરનો દુઃખાવો, સાયટીકા, ઘુંટણનો દુઃખાવો, ગરદનનો દુઃખાવો, ચીકનગુનીયા, અસ્થમા, માયગ્રેન, મેદસ્વિતા, પેટના રોગો, કબજીયાત, એસીડીટી, સોરયાસીસ, ચામડીના રોગો, માનસીક તણાવ, સ્ત્રી રોગો, શરીર શુદ્ધિ તથા જીવનશૈલી પરિવર્તન.

## Our Team



Gokul
NATURE CURE CENTRE

**કમલેશ એન. સોલંકી**
ANDY, NDDY
મુખ્ય ચિકિત્સક

**કિરણબેન કે. સોલંકી**
NDDY, YTTC, PGDCH
ચિકિત્સક તથા વ્યવસ્થાપક

| | | |
|---|---|---|
| કાંતીલાલ એમ. હેદપરા | : | જયશ્રી કંસ્ટ્રક્શન, રાજકોટ |
| શશીક એમ. હેદપરા | : | એપોલો ફેબ્રીકેશન, મેટોડા |
| અખીલ કે. પાડલીયા | : | આનંદ પ્લાસ્ટીક, શાપર |
| કાંતીભાઇ બી. સોલંકી | : | એપોલો ફેબ્રીકેશન, મેટોડા |
| અશોકગીરી ગોસાઇ | : | હોટલ શીવ, વેરાવળ–શાપર |
| રાજેશભાઇ સોજીત્રા | : | હોટલ શીવ, વેરાવળ–શાપર |

## આગમન વ્યવસ્થા :


કેન્દ્ર રેલમાર્ગ તથા હાઈવે પરીવહન સાથે સીધું સંકળાયેલ છે. રાજ્ય પરીવહન બસ, પ્રાઈવેટ બસ, ટેક્સી તથા ટ્રેન દ્વારા ગોંડલ, વિરપુર અને રાજકોટ થી કેન્દ્ર પર પહોંચી શકાય છે. કેન્દ્રથી ગોંડલ ૧૭ કી.મી. તથા વિરપુર ૮ કિ.મી. ના અંતરે છે.

નજીકનું ઈન્ટરનેશનલ એરપોર્ટ અમદાવાદ, ૨૮૨ કિ.મી. તથા ડોમેસ્ટીક એરપોર્ટ રાજકોટ, ૫૭ કિ.મી. ના અંતરે આવેલ છે.

નજીકના રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, એરપોર્ટ તથા ગોમટા ચોકડીથી આવાગમનની સગવડ સામાન્ય શુલ્કથી ઉપલબ્ધ છે. આ માટે સ્વાસ્થ્ય સાધકે અગાઉથી જાણ કરવાની રહેશે.

આપના પૂર્વત આવેદનથી આપ જ્યારે પણ હોત્યાંથી આપના આવાગમનની વ્યવસ્થા યોગ્ય શુલ્કથી ગોઠવી આપવાની સગવડ ઉપલબ્ધ છે.

## ગોમટા તરફ :



Gokul
NATURE CURE CENTRE

# ગોકુલ નેચર ક્યોર સેન્ટર

ગોમટા, તા. ગોંડલ, જી. રાજકોટ - 360 320
: 02825-285401 / 2  મો. 72010 77767, 70961 77767
: www.gokulnaturecure.org  : info@gokulnaturecure.org

## રહેઠાણ વ્યવસ્થા

## ઈન્ડોર સેવા માટેના શુલ્ક

| Accomodation | Daily | Daily Attendent | Booking Deposit | Admission Deposit |
|---|---|---|---|---|
| સેમી સ્પેશિયલ રૂમ નોન-એસી (૪ શેરીંગ) | 2000 | 800 | 5000 | 20000 |
| સ્પેશિયલ રૂમ નોન-એસી (સીંગલ) | 3000 | 1000 | 6000 | 25000 |
| સ્પેશિયલ રૂમ નોન-એસી (૨ શેરીંગ) | 2500 | | | 30000 |
| સ્પેશિયલ રૂમ એસી (સીંગલ) | 3300 | 1000 | 7000 | 33000 |
| સ્પેશિયલ રૂમ એસી (શેરીંગ) | 2800 | | | 28000 |
| ડિલક્સ રૂમ (સીંગલ) | 3500 | 1300 | 8000 | 35000 |
| ડિલક્સ રૂમ (શેરીંગ) | 3000 | | | 30000 |

- નિવાસ, ભોજન, સામાન્ય સારવાર, એક્યુપંચર તથા એક ઉકાળાની શીરોધરા ઉપર જણાવેલ શુલ્કમાં સામેલ છે.
- સ્વાસ્થ્ય સાધક સાથે રહેતા એટેન્ડેન્ટ માટેના જણાવેલ શુલ્કમાં ફક્ત નિવાસ તથા ભોજન શુલ્ક સામેલ છે. કોઈપણ સારવાર કે કન્સલ્ટેશન ચાર્જ અલગથી આપવાનો રહેશે.
- વિશેષ સારવાર જેવી કે એક કરતા વધુ ઉકાળાની શીરોધારા, રિલેક્શેસન મસાજ તથા લેબોરેટરી ટેસ્ટનો ખર્ચ અલગથી આપવાનો રહેશે.

## બુકીંગ વ્યવસ્થા

- અગાઉથી બુકીંગ કરાવવું જરૂરી છે. ટેલીફોનીક અથવા ઓનલાઈન બુકીંગ પધ્ધતિ દ્વારા કામચલાઉ બુકીંગ કરાવી શકાય છે.
- સ્વાસ્થ્ય સાધક તરફથી બુકિંગ ડિપોઝીટ તથા બુકિંગ એપ્લીકેશન ફોર્મ મળ્યા પછીજ બૂકીંગ કન્ફર્મ કરવામાં આવશે.
- આપના બુકિંગને કન્ફર્મ કરવા માટે બુકિંગ ડિપોઝીટ અને એપ્લિકેશન ફોર્મ ભરવું જરૂરી છે.
- દરેક રકમની ચુકવણી રોકડા, ડેબીટ/ક્રેડીટ કાર્ડ અથવા નેટ બેંન્કિંગ દ્વારા ગોકુલ નેચર ક્યોર સેન્ટર ના નામે કરવાની રહેશે.

- કેન્દ્રમાં આગમન પહેલા સ્વાસ્થય સાધકે પોતાના બુકિંગની ખાતરી કરી લેવી જરૂરી છે.
- આપે ભરેલ એપ્લિકેશન ફોર્મની યોગ્ય ચકાસણી થયા બાદ આપને કેન્દ્રમાં દાખલ થવાની સહમતી અપાશે. કોઈપણ વ્યક્તિને કેન્દ્રમાં એડમીશન આપવા, વધુ રોકાવા અથવા ડિસ્ચાર્જ વિશેના તમામ હક્ક **ગોકુલ નેચર ક્યોર સેન્ટર** પાસે રહેશે.
- કેન્દ્રમાં દાખલ થયા ના દિવસે એડમીશન ડિપોઝીટ ભરવાની રહેશે.
- સ્થાસ્થય સાધક જો બુકીંગ માં કોઈ ફેરફાર / કેન્સલ કરાવે છે તો નિચે મુજબ બુકિંગ ડિપોઝીટ રીફંડ મળવા પાત્ર રહેશે.

| **ફેરફાર સમયગાળો** | 21 **દિનથી વધુ** | **દિન** 16-21 | **દિન** 8-15 | 8 **દિનથી ઓછા** |
|---|---|---|---|---|
| **રીફંડ %** | 90% | 70% | 50% | 20% |

- કેન્દ્રમાં ઓછામાં ઓછું ૧૦ દિવસનું રોકાણ જરૂરી છે. જો કોઈ સ્થાસ્થય સાધકે ૧૦ થી ઓછા દિવસ માં રજા લેવાની થાય તો નિયમ મુજબ ૧૦ દિવસનો શુલ્ક ભરવાનો રહેશે.
- દાખલ થવા આવનાર સ્થાસ્થ્ય સાધક સવારે ૮-૦૦ વાગ્યે પહોંચી જાય તેવું ઇચ્છનીય છે.

**ફરજીયાત સાથે લઈને આવવું :**

- બુકીંગ કન્ફર્મેશન લેટર
- ફોટો **ID** ના પુરાવાની નકલ. (પાસપોર્ટ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ વગેરે)
- એક પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ.
- છેલ્લા મેડીકલ રીપોર્ટ, હાલમાં ચાલતી દવાઓ તથા અન્ય સ્વાથ્ય સબંધી વિગતો.

**સાથે લાવવાની અન્ય ચીજો :**

- ઠંડી માટે ગરમ કપડા, યોગ માટે ઢીલા કપડા, જે બહેનો સાડી પહેરતા હોય તેમણે યોગ અને ફિઝીયોથેરાપી કરવા માટે લેગીંઝ અથવા પાયજામા લઈને આવવું.
- ઓઢવા, પાથરવા માટે ઓછાડ, ધાબળા, ચાદર નો એક સેટ આપવામાં આવે છે, એથી વધારાની જરૂરીયાતની સગવડ પોતે કરવાની રહેશે.
- સ્વાસ્થ્ય સાધકે પોતાની અંગત જરૂરીયાતની ચીજો જેમકે ટુથ-બ્રશ અને પેસ્ટ, સ્નાન માટે સાબુ, નેપકીન, ટૂવાલ, ટોર્ચ વગેરે સાથે લાવવી.
- સ્વાસ્થ્ય સાધકે પોતાની સાથે કિંમતી ચીજ વસ્તુઓ જેવી કે દાગીના, કેમેરા, મોબાઇલ ફોન, લેપટોપ વગેરે લાવવી નહીં. આ પ્રકારના કોઈપણ નુકસાન માટે કેન્દ્ર જવાબદાર રહેશે નહી.